હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

ભાઈ, તારે જી.એસ.ટી. એટલે દેશનો વિકાસ... એટલું જ સમજવાનું... બાકીનું અમે સમજી ગયા છીએ...

ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા કોંગ્રેસ-વિપક્ષ સામે ધરણા યોજાશે

ગાંધીનગર, તા.૧૦

ભારતીય જનતા પાર્ટીમાં દ-લોકસભા બેઠકમાં સમાવેશ ગાંધીનગર મહાનગર, ગાંધીનગર જિલ્લા તથા અમદાવાદ જિલ્લામાં આવતા વિધાનસભાના આગેવાનો દ્વારા ધરણાનો કાર્યક્રમ તા.૧૨ એપ્રિલને ગુરુવારના રોજ સવારે ૧૧ થી ૪ કલાક દરમિયાન સેકટર-૬ અપના બજાર બિલ્ડીંગ પાસેના મેદાનમાં રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં રાજયસભાના સાંસદ અને ગુજરાત પ્રદેશ અનુસુચિત મોરચાના પ્રમુખ અને ઝાંઝરકાના મહંત શ્રી શંભુપ્રસાદ ટુંડીયા તથા પ્રદેશ ઉપાધ્યક્ષ આઈ.કે.જાડેજા ખાસ ઉપસ્થિત રહેશે. જયારે ધરણા કાર્યક્રમમાં જિલ્લા-મહાનગરના આગેવાનો, તાલુકા પંચાયત-જિલ્લા પંચાયતના સભ્યો, પાલિકાના પ્રમુખો, કોર્પોરેટર્સ, મહાનગરના હોદેદારો, મંડલના પ્રમુખ, મહામંત્રી સહિત કાર્યકરો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહેશે.

સિવિલ કેમ્પસમાં ડોર-ટુ-ડોર કલેકશન માટે ગાડી ક્યારે આવશે..

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા સેકટરોમાં આવેલ રહેણાંક વિસ્તારમાં ડોર-ટુ-ડોર કચરાના કલેકશન માટે તંત્રની

ગાડીઓ આવે છે. સવારથી સાંજ સુધી આ ગાડીઓ શહેરી વિસ્તારમાં કચરાનું કલેકશન કરે છે. ત્યારે શહેરના સેકટર-૧૨ સ્થિત સિવિલ હોસ્પિટલમાં આવેલ રહેણાંક વિસ્તારના મકાનોમાં કચરાના કલેકશન માટે ગાડી આવતી નથી. સ્થાનિક નાગરીકોએ તંત્ર સમક્ષ કચરાના કલેકશન માટે ગાડી આવે તે માટે રજુઆત કરી છે છતા હજુ સુધી કચરો લેવા માટે ગાડી જતી નથી. જયારે વસાહતીઓને કચરો નાંખવા માટે ના છુટકે છેક કચરા પેટી સુધી લાબા થવાનો વારો આવે છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ડોક્ટર્સ તેમજ નર્સિંગ સ્ટાફ માટે સ્ટાફ કવાટર્સ આવેલા છે. કેમ્પસમાં ૧૦૦ થી પણ વધુ સરકારી આવાસો આવેલા છે. જેમાં સિવિલના સ્ટાફના અધિકારી-કર્મચારીઓ વસવાટ કરે છે. ત્યારે મહાનગર પાલિકાની ગાડીઓ કચરાના કલેકશન માટે દરેક સેકટરોમાં કચરો લેવા માટે ઘરે ઘરે ફરે છે. પરંતુ મનપા તંત્રની સામે આવેલ સરકારી હોસ્પિટલમાં કચરો લેવા માટે ગાડી જતી નથી.

કેમ્પસમાં માત્ર કચરા પેટીઓ જ મુકવામાં આવી છે. આ કચરા પેટીઓ પણ કચરાથી ભરાઈ જાય અને કચરો બહાર પડે તેવી સ્થિતિ સર્જાય ત્યારબાદ ગાડી કચરાપેટી લેવા માટે આવે છે. જેથી કર્મચારીઓને કચરો ફેંકવા માટે કચરાપેટી સુધી લાબા થવુ પડે છે. કચરાના કલેકશન માટે ગાડી ઘરે ઘરે આવે તે માટે નાગરીકોએ રજુઆત કરી છે પરંતુ હજુ સુધી ગાડી કચરાના કલેકશન માટે આવતી નથી. સિવિલના કર્મચારીઓએ અનેકવાર ડોર-ટુ-ડોર કલેકશન માટે મનપાના તંત્ર સમક્ષ રજુઆત કરી છે તેમ છતા હજુ સુધી કલેકશન માટે ગાડીઓ ન આવતા નાગરીકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે સે-૧૨ સિવિલ કેમ્પસમાં સત્વરે ગાડી કચરા કલેકશન માટે આવે તેવી લાગણી અને માંગણી સ્થાનિક નાગરીકોની છે.

લવાણા ગામનો ખેડૂત પુત્ર અફસર બન્યો

જીપીએસસીની પરીક્ષામાં સફળ થઈ આદિજાતિ વિકાસ અધિકારી બનનાર યુવાનનું ગામમાં સામૈયાથી સ્વાગત કરાયુ

ગાંધીનગર, તા. ૧૦

બનાસકાંઠાના લાખણી તાલુકાના લવાણા ગામે ભીલ સમાજના ખેડૂતનો દિકરો જીપીએસસી પરીક્ષામાં સફળ થઈ ક્લાસ-ટુ ઓફિસર બનતા

ગ્રામજનો અને સમાજ દ્વારા હરેશનું સામૈયુ કરી ભવ્ય સ્વાગત કર્યુ હતુ. યુવાનની આ સફળતા અને સિદ્ધિથી ગ્રામજનો અને પરિવારજનોમાં આનંદની લહેર પ્રસરી જવા પામી છે.

લાખણી તાલુકાના લવાણા ગામે રહેતા અને ખેડૂત વાનાભાઈ મકવાણા સામાન્ય જીવન ગુજરાન કરી રહ્યા છે. વાનાભાઈ મકવાણાએ આર્થિક પરિસ્થિતિ નબળી હોવા છતાં પોતાના પુત્રને અભ્યાસ કરી કઈ જીવનમાં કરી છૂટવાની હિંમત અને પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ. પિતાની હિંમત અને વિશ્વાસના દમ પર પુત્ર હરેશ મકવાણાએ જીપીએસસીની ૨૦૧૭ની પરીક્ષામાં સફળ થઈ આદિજાતિ વિકાસ અધિકારી તરીકે પસંદગી પામી આજે પિતાનું માથુ ઉંચુ કરી નાંખ્યુ છે.

હરેશ મકવાણાની આ સિદ્ધિ બદલ ગ્રામજનો અને સમાજ દ્વારા યુવાનનું ભવ્ય સ્વાગત કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન સમારંભમાં ડીવાયએસપી પ્રણવ કટારીયા, ટીડીઓ હિરલ પટેલ, મામલતદાર ધવલ મડાત, સેક્શન ઓફિસર પ્રિતેશ ડિડોર, ચામડીના રોગના નિષ્ણાંત ડૉ. નવીન ચૌધરી, જિલ્લા પંચાયત સદસ્ય હિરાભાઈ વાઘેલા, ઓખા પ્રજાપતિ, ટી.પી. રાજપુત, ડૉ. કે.યુ. રાજપુત, ભલજીભાઈ વાઘેલા, પોપટભાઈ મકવાણા સહિતના સમાજ અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સફળ સંચાલન હિરાભાઈ મકવાણાએ કર્યુ હતુ.

પોલીસ કર્મચારીઓને હેલમેટ ફરજિયાત

પોલીસ મહાનિર્દેશક કચેરીએથી થયેલો આદેશ રાજયના તમામ પોલીસ કર્મચારીઓને લાગુ : અકસ્માતે થતા મૃત્યુને નિવારવાનો હેતુ

ગાંધીનગર, તા.૧૦

રાજયના માર્ગો ઉપર થતા અકસ્માતમાં હેલ્મેટ ન હોવાને કારણે થતા મૃત્યુના સંજોગો વધારે પ્રમાણમાં ઉભા થયા છે ત્યારે તેની અમલવારીમાં રાજયની ટ્રાફીક પોલીસ તથા સરકાર વારંવાર ટ્રાફીક ઝુંબેશ ચલાવી હેલ્મેટ પહેરવા ઉપર ભાર મુકી દંડનાત્મક કાર્યવાહી સુધ્ધા કરે છે. જેમાં રાજયના કેટલાક પોલીસ કર્મચારીઓ પણ હેલ્મેટ ન પહેરી કાયદાનો ભંગ કરતા હોવાનું જણાયું છે. આ અંગે ગાંધીનગરની પોલીસ મહાનિર્દેશક કચેરીએથી રાજયના તમામ પોલીસ કર્મીઓને હેલ્મેટ ફરજીયાત પહેરવાનો આદેશ કર્યો છે. જો કે કાયદાના કડક અમલીકરણ થકી અકસ્માતે થતા મૃત્યુને નિવારવાનો શુભ હેતુ સમાયેલો છે.

હેલ્મેટ પહેરવા અંગે અનેક વખત ટ્રાફીક ઝુંબેશ કરી કડક અમલ થાય તેવા પગલાં લેવાયા છે. છતાં ટ્રાફીક અવેરનેશનો અભાવ હોય તેમ કેટલાક ટ્વીચકી વાહનચાલકો હેલ્મેટ પહેરવાનો આગ્રહ રાખતા નથી. હેલ્મેટ ન પહેરવા ઉપર સરકાર દ્વારા દંડની જોગવાઈ સાથે વારંવારની બેદરકારી માટે લાયસન્સ સુધ્ધા રદ કરવા સુધીના નિયમો બનાવાયા છે. જેમાં ઉચ્ચ પોલિસ અધિકારીઓને કેટલાક પોલીસ કર્મચારી હેલ્મેટ ન પહેરતા હોવાનું ધ્યાને આવ્યું છે. અને અમુક પોલીસ કર્મચારીઓના અકસ્માતમાં થયેલા મૃત્યુમાં હેલ્મેટ ન પહેરી હોવાનું કારણ પણ બહાર આવ્યું છેત્યારે હેલમેટ પહેરવી રાજયભરના તમામ લોકો માટે ફરજીયાત છે જેમાં પોલીસ કર્મીઓને પણ આ કાયદાનો કડક અમલ કરવા આજે જણાવાયું છે.

પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલિસ અધિકારીની કચેરીએથી સંબંધિત તમામ પોલીસ સ્ટેશન અને વડી કચેરીએ ઈમેલ તેમજ પત્રથી જાણ કરી કાયદાના કડક પાલનનું સુચન કરવા જણાવાયું છે. હેલ્મેટ ફરજીયાત બાબતે ટ્રાફીક શાખા પણ હવે સક્રીય બની કડક અમલવારીની ઝુંબેશ ચલાવશે તેવું જાણવા મળ્યું છે.

એમોનીયા ભરેલુ ટેન્કર ખાડામાં ફસાતા અફડાતફડી

વડોદરાથી એમોનીયા ભરેલું ટેન્કર કલોલ છત્રાલ હાઈવે પર થઈને રત્નમણી ફેકટરીમાં એમોનીયા સપ્લાય કરવા જઈ રહ્યું હતું તે દરમિયાન છત્રાલ હાઈવે ઉપર હોટલ ક્રિશ્ના રેસ્ટોરન્ટની સામે વળાંક પાસે ટેન્કરનું ટાયર ખાડામાં ઘુસી ગયું હતું. એમોનીયા ભરેલા ટેન્કરનું ટાયર ખાડામાં ખુંપી જતા અફડાતફડી થઈ જવા પામી હતી. એમોનીયા લીક થવાના ડરથી તથા સાવચેતીના ભાગરૂપે આ સ્થળ ઉપર કડી, કલોલ અને ગાંધીનગરની ફાયરબ્રિગેડને સ્ટેન્ડ ટુ કરી દેવામાં આવી હતી. ત્યારબાદ ક્રેઈન વડે ખાડામાંથી ટેન્કર બહાર કાઢવામાં આવ્યું હતું.

ડેન્યુબ ગ્રુપ દ્વારા ફિલ્મફેર મિડલ ઈસ્ટ મેગેઝીન લોન્ચ કરાયું

ગાંધીનગર, તા. ૧૦

ડેન્યુબ ગ્રુપ દ્વારા દુબઈ ખાતે દુબઈના બોલિવુડ પાકર્સના રાજમહલ થિયેટરમાં ડાયનેમિક મીડિયા ઈન્ડસ્ટ્રીમાં ૩૦ માર્ચના રોજ ફિલ્મ ઓ સેલિબ્રિટી મેગેઝિન મિડલ ઈષ્ટ ખાતે રિ-લોન્ચ કરાયો હતો. આ કાર્યક્રમમાં ભારત અને પાકિસ્તાનની સીનેમાની હસ્તીઓ તેમજ ડેન્યુલ ગ્રુપના ચેરમેન રિઝવાન સાજન અને દુબઈના મહાનુભાવો હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં રિઝવાન સાજને જણાવ્યુ હતુ કે ફિલ્મીફેર મિડલ ઈષ્ટ મેગેઝીન એ કલ્ટ બ્રાન્ડ છે. આ મેગેઝીનને ફરી જીવંત કરવુ એ મારૂ સપનુ હતુ તેથી અમે આ વેન્ચર શરૂ કર્યુ છે. અને અમે માનીએ છીએ કે આ મેગેઝીન સિનેમાની એસેન્સ ધરાવે છે. અને તેના લક્ષિત ઓડિયન્સમાં વિશાળ રિડરશીપ ધરાવે છે તેથી અમે અમારા રિડર્સ અને એડવર્ટાઈઝર્સના સહયોગ માટે તેમના આભારી છીએ અને મને આશા છે કે મેગેઝિન અગાઉની જેમ જ તેની લોકપ્રિયતા મેળવશે સાથે રીઝવાન સાજને દરેક સ્ટારનો વ્યક્તિગત ટીમનો પણ આભાર માન્યો હતો. આ મેગેઝીન યુએઈ અને જીસીસી અને આરબ પોપ્યુલેશનમાં સિનેમા અને સેલિબ્રિટીના ચાહકો સહિત વિશાળ એશિયન પ્રવાસીઓ સુધી પહોંચાડવામાં આવશે.

આ કાર્યક્રમમાં અરમાન મલિક, અમન મલિક, ઉષા ઉથુપ અને બપ્પી લહેરી જેવા ગાયકોએ પોતાની આગવી સ્ટાઈલમાં પ્રેક્ષકોને મંત્ર મુગ્ધ કરી દીધા હતા. તેમજ ભારતીસિંઘે લોકોને ખુબ હસાવ્યા હતા અને ખ્યાતનામ અભિનેત્રી શ્રીદેવીને શ્રધ્ધાજંલિ અર્પી હતી.

આ કાર્યક્રમમાં દિપીકા પાદુકોણ, કરન જોહર, ફવાદખાન, મહેવિસ હયાત, મનિષ મલ્હોત્રા, જેકી શ્રોફ, દિયા મિર્ઝા તેમજ ડેન્યુલ ગ્રુપના ચેરમેન રીઝવાન સાજન અને દુબઈના મહાનુભાવો હાજર રહ્યા હતા.

મોટી આદરજમાં એલસીબીનો દરોડો

વરલી મટકાનો જુગાર રમાડતા મોટી આદરજ ગામના બે શખ્સોની ધરપકડ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીક આવેલા

મોટી આદરજ ગામમાં વરલી મટકાનો જુગાર ખુલ્લેઆમ રમાડાઈ રહ્યો જોવાની બાતમીને આધારે ગઈ કાલે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડયો હતો. મોટી આદરજમાં દરોડો પાડી એલસીબીની ટીમે વરલી મટકાનો જુગાર રમાડી રહેલા બે શખ્સોને રૂ. ૩૫૧૦ રોકડ મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીત અને તરલ ભટ્ટની ટીમોએ દેશી દારૂ-જુગાર સર્દતર બંધ કરાવવા પોતાના બાતમીદારો સક્રીય કર્યા છે. ત્યારે ગઈ કાલે એલસીબીની ટીમને ચોકકસ બાતમી મળી હતી કે પેથાપુર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા મોટી આદરજ ગામમાં વરલી મટકાનો જુગાર રમાડાઈ રહ્યો છે. આ બાતમી આધારે વિપુલ દેસાઈ, યજવેન્દ્રસિંહ અને જયપાલસિંહ સહીતની ટીમે મોટી આદરજમાં દરોડો પાડી બે શખ્સોને રંગે હાથ પકડી પાડયા હતા. મોટી આદરજ ગામમાં જ રહેતા કનુ લક્ષ્મણ ઠાકોર અને ગોરધન ડાહ્યા ઠાકોર બંને શખ્સોની રૂ. ૩૫૧૦ રોકડ મુદ્દામાલ તથા આંકડા લખેલા સાહિત્ય સાથે ધરપકડ કરી લેવામાં આવી હતી. આ કેસની તપાસ ગાંધીનગર એલસીબીની ટીમ દ્વારા ચલાવવામાં આવી રહી છે.

ગાંધીનગર જિલ્લાના બાગાયતદાર ખેડૂતો જોગ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના બાગાયતદાર ખેડૂતોને વર્ષ-૨૦૧૮-૧૯ના નાણાંકીય વર્ષ માટે બાગાયત ખાતા દ્વારા ચાલતી વિવિધ યોજનાઓનો લાભ લેવા માંગતા ખેડૂતોએ i-khedut protal (web site : ikedut.gujarat.gov.in)માં ઓનલાઈન અરજી કરવા માટે નાયબ બાગાયત નિયામકશ્રીએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લાના નાયબ બાગાયત નિયામક ડી.જે. પટેલે જણાવ્યું છે કે, રાજય સરકારના ગુજરાત હોર્ટીકલ્ચર મિશન અંતર્ગત ખેડૂતોને વિવિધ સહાયલક્ષી લાભ આપવામાં આવનાર છે. આ વિવિધ યોજનાઓનો લાભ લેવા માંગતા ખેડૂતોએ i-khedut protal (web site : ikedut.gujarat.gov.in)માં ઓનલાઈન અરજી કરવાની રહેશે. આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા બાગાયત ખેડૂતોએ અરજી તા. ૬-૪-૨૦૧૮ થી તા. ૫-૫-૨૦૧૮ સુધી ફળઝાડ વાવેતર, હાઈબ્રીડ શાકભાજી, વેલાવાળા શાકભાજી માટે મંડપ, સરગવાની ખેતી, છુટા ફુલો, કોલ્ડ સ્ટોરેજ વીજદર સહાય, ગ્રીન હાઉસ તથા ટિસ્યુકલ્ચર લેબ વીજદર સહાય, પેકીંગ મટીરીયલ્સ, પ્લાસ્ટિક મલ્ચિંગ, પાવર ટ્રીલર, ટ્રેકટર માઉન્ટેડ પંપ, મધમાખી સમુહ કોલોની વગેરે ઘટકોમાં ઓનલાઈન અરજી પણ જે તે ગ્રામ્ય કક્ષાએથી અથવા તો ઈન્ટરનેટના માધ્યમથી કરી શકાશે. અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ આઉટ મેળવી જરૂરી સાધાનિક કાગળો સાથે અરજી સાત દિવસમાં નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, સહયોગ સંકુલ, પાંચમો માળ, સી-બ્લોક, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે રજૂ કરવાની રહેશે. આ માટે સરકારશ્રી દ્વારા સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. જેની વિગતો ઉપરોક્ત પોર્ટલ ઉપર ઉપલબ્ધ છે. જેની સર્વે ખેડૂતોને નોંધ લેવા નાયબ બાગાયત નિયામકશ્રીએ જણાવ્યું છે.

એક ભારત, શ્રેષ્ઠ ભારત માટે હેન્ડબોલ ટુર્નામેન્ટ

'એક ભારત, શ્રેષ્ઠ ભારત' અંતર્ગત તાજેતરમાં ગાંધીનગરના સે-૧૫ સ્થિત સાઈ સંકુલ ખાતે રાષ્ટ્રીય કક્ષાની હેન્ડબોલ ટૂર્નામેન્ટ યોજવામાં આવી હતી. ગુજરાત હેન્ડબોલ એસોસિએશન દ્વારા સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત તથા ગુજરાત ટુરિઝમ ડિપાર્ટમેન્ટના સહયોગથી આયોજિત આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં ગુજરાત તથા છત્તીસગઢની સંયુકત ટીમે દિવ, દમણ અને પોંડિચેરીની સંયુકત ટીમને ૨૪-૧૨ના સ્કોરથી કારમો પરાજય આપી વિજેતા બની હતી.

શનિવારે સે. ૨માં સર્વરોગ નિદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરની સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા આગામી તા. ૧૪મી એપ્રિલ શનિવારના રોજ સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ સર્વરોગ નિદાન કેમ્પ સવારે ૯ થી ૧૨ કલાક દરમ્યાન સેકટર-૨ ડિસ્પેન્સરી ખાતે યોજાશે. જેનો લાભ લેવા શહેરની જાહેર જનતાને સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

લોન કૌભાંડ મામલે અમિત ભટનાગરના સ્થળો ઉપર રેડ

અમદાવાદ,તા. ૧૦

એક પછી એક બેંક કૌભાંડો હવે સપાટી ઉપર આવી રહ્યા છે. જેથી કોર્પોરેટ જગતમાં ભારે ખળભળાટ મચી ગયો છે. વડોદરામાં ૨૬૫૪ કરોડ રૂપિયાનું લોન કૌભાંડ સપાટી ઉપર આવ્યા બાદ આવકવેરા વિભાગે પણ દરોડાની કાર્યવાહી હાથ ધરી છે.

બેંક લોન કૌભાંડના સંદર્ભમાં આજે આવકવેરા વિભાગે અમિત ભટનાગરના આવાસ, ફેક્ટ્રીઓ અને ઓફિસ સહિત અનેક સ્થળો પર એક સાથે દરોડા પાડ્યા હતા. બીજી બાજુ સીબીઆઈ કોર્ટે ભટનાગરની આગોતરા જામીન અરજી ફગાવી દેતા તેમની ચિંતામાં વધારો થયો છે. આગામી દિવસોમાં ભટનાગરને કાયદાકીય ગુંચમાંથી પસાર થવાની ફરજ પડી શકે છે.

દહેગામ તાલુકાના સામેત્રી અને રામનગર ગામનો આદર્શ ગ્રામ યોજનામાં સમાવેશ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના સામેત્રી અને રામનગર ગામને સાંસદ પરેશભાઈ રાવલે આદર્શ ગ્રામ યોજના હેઠળ દત્તક લીધા છે.

આજે સામેત્રી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં સાંસદ સભ્ય પરેશભાઈ રાવલે જણાવ્યું હતું કે, આદર્શ ગ્રામ યોજના હેઠળ હાથ ધરવાના વિકાસકામો વર્ષ-૨૦૧૯ સુધીમાં ઝડપથી પૂર્ણ થાય તેટલું જ પુરતું નથી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વર્ષ- ૨૦૧૪માં અમલી બનાવેલ આદર્શ ગ્રામ યોજનામાં માત્ર વિકાસકામો સિવાય ગામમાં રહેતો દરેક માણસ વ્યસનમુક્ત હોય, તંદુરસ્ત વાતાવરણ અને લોકોના મન અને વિચારોનો વિકાસ થવો જોઈએ.

સાંસદ પરેશભાઈ રાવલે જણાવ્યું હતું કે, જ્ઞાતિવાદનું ઝેર દેશની એકતા અને ઉન્નતિ માટે ખતરારૂપ છે. દરેક સમાજમાં એકતા જળવાશે તો જ દેશ મજબૂત બનશે. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વર્લ્ડ લીડર તરીકે

પ્રસ્થાપિત થયા છે. જ્ઞાતિ- જાતિના ચક્કરમાંથી મુક્ત થવાનો સમય પાકી ગયો છે. ગાંધીનગર તાલુકાના જાખોરા ગામમાં આદર્શ ગ્રામ યોજના હેઠળ રૂ. ૧૮૭ લાખના વિકાસકામો પૂર્ણ થયા છે. તેમ તેમણે જણાવ્યું હતું.

સાંસદ પરેશભાઈ રાવલના અધ્યક્ષસ્થાને સામેત્રી ખાતે આદર્શ ગ્રામ યોજના અંતર્ગત વિવિધ વિકાસકામોના આયોજન અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી. જિલ્લા વિકાસ અધિકારી હિતેશભાઈ કોયા દ્વારા પીવાના પાણીની સગવડ માટે રૂ. ૩૦ લાખ, જાહેર તથા આંતરિક રસ્તાઓ, ગટરલાઈન, લાયબ્રેરી, આંગણવાડી સહિતના વિકાસકામો મંજુર કરવામાં આવ્યા હતા. જયારે રામનગર ગામમાં વિવિધ સી.સી. રોડ સ્વચ્છતાના કામો, તળાવ ઉંડું કરવાના કામો, પ્રાથમિક શાળાના ઓરડા, પંચાયત ઘર સહિતના વિવિધ વિકાસકામો હાથ ધરવા સમીક્ષા કરી હતી.

સાંસદ પરેશભાઈ રાવલના હસ્તે ઉજ્જવલા યોજના હેઠળ ૩૦ જેટલા લાભાર્થીઓને ગેસ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે સામેત્રી અને રામનગર બંન્ને ગામોને આદર્શ ગ્રામ યોજના હેઠળ સમાવવા બદલ આનંદ અને આભારની લાગણી વ્યક્ત કરી હતી.

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ
(ગુજરાત સરકારનું સંપૂર્ણ સાહસ)

જાહેર નિવિદા નં.૩ સને ૨૦૧૮-૧૯ (બીજો પ્રયત્ન)

સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગરની વડી કચેરીમાં એક વર્ષ માટે ઝેરોક્ષ તથા સ્પાઈરલ બાઈન્ડીંગને લગતી કામગીરી કરવા સારૂ રસ ધરાવતી ફક્ત ગાંધીનગર ખાતે સ્થાયી કાર્યરત ઝેરોક્ષ એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી ભાવો મંગાવવામાં આવે છે. જે માટે ટેન્ડર ફી રૂ. ૧૦૦૦/- પુરા જમા કરાવ્યેથી કોરા ટેન્ડર ફોર્મ જનરલ મેનેજર (વહીવટ) બ્લોક નં.૧૨, ચોથો માળ (સ્ટોર શાખા), સચિવાલય, ગાંધીનગરની કચેરીએથી તા. ૧૭/૪/૨૦૧૮ સાંજના ૧૭.૦૦ કલાક સુધી જ ભાવો મેળવા લેવાના રહેશે અને ભરેલ ટેન્ડર ફોર્મ તા. ૨૬/૪/૨૦૧૮ના ૧૬.૦૦ કલાક સુધીમાં પહોંચતા કરવાના રહેશે.

જનરલ મેનેજર(વહીવટ)
સ.સ.ન.નિ.લિ., ગાંધીનગર

માહિતી/૭૫/૧૮-૧૯

ઓનલાઈન નિવિદા નં. એસ.કે./૩૦, સને ૨૦૭-૧૮

કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજવા વિભાગ નં.૩, પાટનગર યોજવા ભવન, 'બી' બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર. પીન-૩૮૨૦૧૬. ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૧૬૪ તરફથી અનુભવ ધરાવતી સ્થાનિક ગાંધીનગર શહેરની સ્થાનિક એજન્સીઓ / ઈસમો પાસેથી કચેરીનું તથા તાબાની કચેરીઓનું (૧) કોમ્પ્યુટરાઈઝ જોબ કામ તથા (૨) ઝેરોક્ષ કામ માટે વાર્ષિક ભાવો સ્થાનિક એજન્સીઓ પાસેથી ભાવો ઓનલાઈન માંગવામાં આવે છે.

ટેન્ડરના દસ્તાવેજો તથા શરતો અમારી વેબસાઈટ www.rnb.nprocure.com ઉપરથી તા. ૧૬/૪/૨૦૧૮ના રોજ ૧૮.૦૦ કલાક સુધી જોવા તેમજ અપલોડ કરી ભરી શકાશે.

ટેન્ડર ફીનો ડી.ડી., બાનાની રકમની એફ.ડી.આર. અને જરૂરી યોગ્યતા અંગેના ડોક્યુમેન્ટ ઓનલાઈન મુકેલ ટેન્ડરમાં જણાવ્યા મુજબ ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં (સ્કેન કરીને) ટેન્ડર સાથે અચુક અપલોડીંગ કરવાના રહેશે. તેમજ આ ડોક્યુમેન્ટ (પ્રમાણિત કરીને) આ કચેરીમાં સ્પીડ પોસ્ટ / રજી.પો.એ.ડી.થી તા. ૧૭/૪/૧૮ થી તા. ૨૩/૪/૧૮ સુધીમાં કામકાજના સમય દરમિયાન મોકલી આપવાના રહેશે.

ટેન્ડર નોટીસમાં હવે પછીના સુધારા / વધારાઓ દૈનિક પેપરમાં નિવિદા પ્રસિદ્ધ ન કરતાં ઓનલાઈન કરવામાં આવશે અને ઓનલાઈન ટેન્ડર ભરવા તેમજ વધારાની માહિતી માટે અમારી ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

માહિતી/૩૦૭૧/૧૭-૧૮